પાલનપુરમાં કાળઝાળ ગરમીથી જનજીવન ત્રસ્ત

બનાસકાંઠામાં છેલ્લા ત્રણ દિવસથી ક્રમશ : તાપમાનમાં વધારો થઇ રહ્યો છે આજે સવાર થી જ લૂ-ઝરતી ગરમીનો શહેરીજનોએ અનુભવ કર્યો હતો. જ્યારે મોડી સાંજે વાદળછાયુ વાતાવરણ રહેતા ઉકળાટ વધી ગયો હતો. જો કે ગતરોજ મહત્તમ તાપમાન ૪૨.૨ ડિગ્રી નોંધાયું હતું. પાલનપુર સહિત જિલ્લામાં આજનો દિવસ ગરમ રહ્યો હતો. છેલ્લા ત્રણ દિવસમાં ત્રણ ડિગ્રી તાપમાનમાં વધારો નોંધાયો હતો. ગુરુવારે ૪૨.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જે આજે વધુ ને ૪૩ ડિગ્રીએ પહોંચવાની સંભાવના દેખાઈ રહી છે જો કે શહેરીજનોએ બપોરના સમયે લમણા શેકી નાંખતી ગરમીનો અનુભવ કર્યો હતો. જ્યારે બપોર પછી ધીમે-ધીમે વાદળછાયુ વાતાવરણ સર્જાતા ઉકળાટ શરૂ થઇ ગયો હતો.હવામાન વિભાગએ જણાવ્યું હતું કે,વાતાવરણમાં ગરમી યથાવત રહેવાની અને આગામી હજુ ગરમી વધવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા દર્શાવાઈ રહી છે જો કે જિલ્લા વાસીઓને આ કાળઝાળ ગરમી થી ક્યારે છુટકારો મળે છે એ તો સમય જ બતાવશે.

પાલનપુરના કમાલપુરામાં સગીરાની આબરૂ લૂંટવાનો પ્રયાસ

પાલનપુર, તા. ૫

પાલનપુર કમાલપુરા વિસ્તારમાં એક સગીરાની આબરૂ લૂંટવાના પ્રયાસને મામલે પાલનપુર પૂર્વપોલીસ મથકેફરિયાદ નોંધાઇ હતી.

૨૦ દિવસ અગાઉ કમાલપુરા વિસ્તારમાં રહેતા ઈંદ્રિશ ભીખાભાઈ બેલીમે પાડોશી સગીરાને લાઈટ ચાલુ કરવાના બહાને ઘરમા બોલાવી હતી અને મહિલાના ઘરમા આવ્યા બાદ આરોપીએ ઘરનો દરવાજો બંધ કરી આ મહિલાની આબરૂ લેવાનો પ્રયત્ન કરતા સગીરાએ બુમાબૂમ કરી મુકતા આરોપી ફરાર થઇ ગયો હતો. જો કે સગીરા આબરૂ જવાની બીકે સમાધાન ફરિયાદ કરવાનું ટાળ્યું હતું, સમાધાનના ભાગરૂપેના પ્રયત્નો નિસ્ફળ થતા આખરે પાલનપુર પુર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પૂર્વ પોલીસે મામલે તપાસ હાથ ધરી હતી.

મોડાસા માર્કેટયાર્ડમાં ખેડૂતોના ઘઉંના ભાવ ટેકાના ભાવથી ઓછા ભાવે ખરીદતા વેપારીઓ

ટેકાના ભાવે ઘઉં ખરીદવા મુકેલા અધિકારીઓ ડોક્યુમેન્ટ અપુરતા હોવાનુ જણાવી જવાબદારીમાંથી છટક્યા

મોડાસા, તા. ૫

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોની જીવાદોરી સમાન પકવેલા

ઘઉંના ચાલુ વર્ષે ખેડૂતોને નુકશાન ભરપાઈ થાય તે માટે ઘઉંના ટેકાનો ભાવ ૩૩૫ રૂ. નક્કી કરવામાં આવ્યો છે. અરવલ્લી જિલ્લાના માર્કેટયાર્ડોમાં વેપારીઓ દ્વારા ખેડૂતોના પકવેલા મહામુલા પાક ઘઉંની ખરીદી પાણીના ભાવે કરતા ખેડૂતોમાં ઉગ્ર રોષ ફેલાયો છે. ખેડૂતોના ટેકાના ભાવના ઘઉં ખરીદવા પુરતા પુરાવા રજુ કરવામાં આવતા નથી જેથી ખેડૂતોને ટેકાના ભાવ મળતા ન હોવાનુ જવાબદાર અધિકારીઓએ જણાવી જવાબદારીમાંથી છટકી રહ્યા છે. અરવલ્લી જિલ્લાના ખેડૂતોને મણ ઘઉંનો ભાવ ફક્ત રૂ. ૨૯૦થી ૩૧૦ રૂપિયા જેટલો મળી રહેતા ખેડૂતોની હાલત દયનીય બની છે.

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા માર્કેટયાર્ડમાં જિલ્લાના ખેડૂતોને ઘઉંનું મબલખ ઉત્પાદન થતા મોટા પાયે ખાનગી વાહનો દ્વારા ઘઉં ભરી મોડાસા માર્કેટયાર્ડમાં વેચવા આવી રહ્યા છે. સરકાર દ્વારા ખેડૂતોને ઘઉંના ભાવ યોગ્ય મળી રહે તે માટે ટેકાનો ભાવ મણના ૩૨૫ રૂ. નક્કી કરી ટેકાના ભાવે ઘઉં ખરીદવા કેન્દ્ર શરૂ કરી અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે. અધિકારીઓ દ્વારા ખેડૂતોના ઘઉં ટેકાના ભાવે ખરીદવા સરકાર દ્વારા નક્કી કરાયેલી ગાઈડલાઈન જણાવી ટેકાના ભાવે ઘઉં ન ખરીદતા ખેડૂતોએ ન છૂટકે વેપારીઓને તેમના ૩૨૫ રૂ. મણના ઘઉં ૨૯૦ થી ૩૦૪ સુધીના ભાવે વેચવા મજબુર બનવુ પડ્યુ છે. ખેડૂતોને ઘઉંનો પોષણક્ષમ ભાવ ન મળતા તેમને ઘઉંના સરકાર દ્વારા ઉંચા દામ મળવાની આશા ઠગારી હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. મોંઘાદાટ બીયારણ, મજૂરી અને દવાઓના છંટકાવ સહિતનો ખર્ચ પણ ઘઉંના પાકમાંથી નીકળતા નથી જેથી જિલ્લાના ખેડૂતો દેવાના

ડુંગર નીચે દબાઈ જતા જીવનનિર્વાહ ચલાવવા રીતસરના ફાફા પડી રહ્યા છે. જિલ્લામાં બીન પીઅત જમીન ધરાવતા ખેડૂતો તો ફક્ત આખા વર્ષ દરમિયાન ઘઉંની સીઝનમાં ઘઉં પકવી તેમના પરિવારનું ભરણપોષણ પણ આ વર્ષે કરવુ ખુબ જ કઠીન બની રહેશે તેવુ લાગી રહ્યું છે.

સરકાર દ્વારા ખેડૂતોના હામી હોવાના ફક્ત દેખાવ કરવામાં આવી રહ્યો હોય તેમ ખેડૂતોના હિત માટે અનેક યોજનાઓની જાહેરાતો કરી વાહવાહી લૂંટવામાં મશગુલ બની જાય છે. પરંતુ તેમના દ્વારા રજૂ કરવામાં આવેલી યોજનાઓ ફક્ત કાગળ પુરતી જ રહેતી હોય તેમ અમલીકરણ સાચા અર્થમાં થતુ નથી જેથી ખેડૂતો પોતે લુંટાઈ રહ્યા હોવાનુ અનુભવી રહ્યા છે. જેથી સરકાર દ્વારા ખેડૂતો માટેની જાહેરાતો અને યોજનાઓનું મોનીટરીંગ કરવામાં આવે તો જ સાચા અર્થમાં યોજનાઓ સાર્થક બનશે.

ખેરોજ પોલીસની કસ્ટડીમાં આરોપીનું મોત થતા આદિવાસી સમાજમાં ભારે હોબાળો

સાબરકાંઠાના ખેરોજ પોલીસની કસ્ટડીમાં રહેલા આરોપીનું મોત થતા આદિવાસી

સમાજમાં ભારે હોબાળો મચી જવા પામેલ છે. ખેરોજ પોલીસ હદના એક ગામમાં ગાય કાપી માસ કાઠતાં હોવાની બાતમી ના આધારે ખેરોજ પોલીસે કોટડા ગઢી ગામના એક આદિવાસી કોદરભાઈ ગમાર ઉમર ૬૦ વર્ષનાઓની અટકાયત કરી ગુનાહના કામે ૩ દિવસના રિમાંડ પણ કોદરભાઈના લેવામાં આવ્યા હતા. આ સમય દરમ્યાન કસ્ટડીમાં કોદરભાઈ પડી જવાથી તેમના માથાના ભાગે ઈજાઓ થાયેલ જેને લયી પોલીસ સૌ પ્રથમ ખેરોજ અને ત્યારબાદ ખેડબ્રહ્મા હિંમત નગર અને પછી કોદરભાઈ નેઅમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવા માં હતા જ્યા આરોપિ કોદર ભાઈ નુ મોત જાહેર કરાતા ભારેખળભળાટ મચી જવા પામ્યો હતો જો કે આ બાબતે પોલીસ દ્વારા એડી દાખલ કરી મૂર્તદેહ નું ઇન્કવેસ્ટ પંચનામું કરવા ની કાર્યવાહી કરાઈ હોવાનું જિલ્લા પોલીસવડા પ્રવીણ માલ એ જમનાવ્યુ હતું.

જોકે આ બાબત ના ગહેરા પ્રત્યાઘાતો પડતા ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ ના ચેરમેન રમીલાબેન બારા સહીત રાજકીય અગ્રણીઓ ખેરોજ પોલીસ સ્ટેશન દોડી આવ્યા હતા અને બનેલા બનાવ અંગે તત્સ્થ તપાસ થાય તેવિ માંગ સાથે મરનાર ના પરિજનો ને ન્યાય મલે તેવિ માંગ કરિ હતિ જ્યારે

મરનાર ના પુત્ર ભીમાભાઈ ગમાર એ પોલિસ દ્વારા તેમને માર મારવા સાથે રુપિયા નિ માંગણી કરાય હોવાના આક્ષેપ કર્યો છે.

જોકે આ બાબતે ખુલાસો કરતા જિલ્લા પોલીસ વડા પ્રવીણ માલ એ પોલીસ ઉપર કરાયેલા આક્ષપો બાબતે જણાવ્યું હતું કે આરોપી ને માર મારવા તેમજ પોલીસ દ્વારા કરાયેલી નાણાકીય માંગણી બાબતે યોગ્ય તપાસ કરાશે.

જો કે મરનાર કોદરભાઈ ગમાર નો મૂર્તદેહ હજી અમદાવાદ ની સિવિલ હોસ્પિટલ માં રખાયો છે ત્યારે આદિવાસી ચડોતરા ની પ્રથા લઈ મૂર્તદેહ ને સ્વીકારશે કે કેમ અને જો સ્વીકારી લે તો મૃતદેહ નું અગ્નિ સંસ્કાર કરશે કે પછી મૃતદેહ ને ખેરોજ પોલીસ સ્ટેશન લઈ જઈ મૂકી દેશે....? તે બાબત સતત લોકો ને સતાવી રહી છે.

મહેસાણા જિલ્લામાં દસમાંથી આઠ તાલુકાઓમાં મામલતદારની જગ્યાઓ ખાલી

મહેસાણા, તા. ૫

મહેસાણા જિલ્લાના દસ તાલુકાઓમાં આવેલ મામલતદાર કચેરીઓ પૈકી આઠ તાલુકાઓમાં મામલતદાર કક્ષાના અધિકારીઓની જગ્યાઓ ખાલી પડી હોઈ સત્વરે નિમણુંક કરવા લોકમાંગ ઉઠી છે.

મહેસાણા જિલ્લામાં કુલ દસ તાલુકાઓ છે. જેપૈકી માત્ર ઊંઝા અને વિસનગર તાલુકા મથકેએમામલતદાર કક્ષાના અધિકારીઓ મુકાયેલ છે, જયારે જિલ્લાના અન્ય આઠ તાલુકાઓમાં મામલતદારોની નિયુક્તિ ન થતાં આ ખાલી જગ્યાઓ પર નાયબ મામલતદાર કે તેમની સમકક્ષ અધિકારીઓને ચાર્જ સોંપવામાં આવ્યો છે. પરિણામે વહિવટી કામગીરીમાં મુશ્કેલી પડતી હોવાની ફરિયાદ ઉઠી છે. રાજય સરકાર વહિવટી કામગીરીમાં ગતિશીલતા આવે તે માટે પ્રયાસો કરે છે. જ્યારે બીજી તરફ તાલુકામથકોએ મહત્વની ગણાતી મામલતદારની ખાલી જગ્યાઓ ભરવા માટે યોગ્ય નિર્ણય લેવામાં આવતા નથી. આવી સ્થિતિને કારણે જિલ્લાના તાલુકા મથકોએ આવેલ મામલતદાર કચેરીઓમાં લાલીયાવાડી ચાલી રહી હોવાનો લોકપોકાર ઉઠ્યો છે. કહે છે કે તાલુકા મામલતદાર કચેરીઓમાં ભ્રષ્ટાચારે માઝા મુકી દીધી છે. લાંચ રૂશ્વત વગર કથિત ભ્રષ્ટ સરકારી બાબુઓ આમજનતાના કામોમાં વિલંબ યા એક યા બીજા બહાના તળે લોકોને પરેશાન કરતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. તાલુકા મામલતદાર કચેરીઓમાં પ્રાંત અધિકારીઓના દુકાનોને સમયસર નોંધો પડાતી નથી.

મહેસૂલ, પુરવઠા, મધ્યાહન ભોજન યોજનામાં વ્યાપક ભ્રષ્ટાચાર ચાલી રહ્યો હોવાનું લોકજીભે ચર્ચાય છે. આ તો થઈ તાલુકાઓની વાત પણ મહેસાણા જિલ્લામથકે આવેલ કેટલીક મહત્વની સરકારી કચેરીઓમાં કેટલીક ભ્રષ્ટ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ કોઈપણ જાતના ભય વિના ભ્રષ્ટાચાર આચરી રહ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે આમાં જિલ્લાના પોલીસમથકો પણ બાકાત રહ્યા નથી.

સાધ્વી જયશ્રીગીરીને પાલનપુર કોર્ટમા રજુ કરાયા

છેતરપિંડીના ગુનાઓમા પોલીસ કસ્ટડીમા ધકેલાયેલી સાધ્વી જયશ્રીગિરીને ગતરોજ સાબરમતી પોલીસના જાપ્તા હેઠળ પાલનપુર

કોર્ટમા રજુ કરાયા હતા. કોર્ટ દ્વારા ૩ ગુનાના ચાર્જશીટની નકલ સાધ્વીને અપાઈ હતી. અગાઉ પોલીસે બનાસકાંઠાના નવ ગુનાઓમા પોલીસે ચાર્જશીટ રજૂ કર્યુ હતુંસાધ્વી પર જિલ્લામાં છેતરપિંડી અને ખંડણી સહિતના નવ જેટલા ગુના દાખલ થયા છે ત્યારે સાધ્વી જયશ્રીગીરીની હવે મુશ્કેલીઓ વધશે.

મુનાઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સુપરવાઈઝરનો વિદાય સમારંભ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મુનાઈ ગામની મુનાઈ પ્રાથમીક આરોગ્ય કેન્દ્રમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા કુસુમબેન અસારીનો વય નિવૃતી સંદર્ભે વિદાય સમારંભ યોજાયો હતો. મુનાઈ પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર ડૉ. અરવિંદભાઈ ચૌધરી, રોગી કલ્યાણ સમિતી કારોબારી સભ્યો, ગ્રામજનોની ઉપસ્થિતીમાં મોમેન્ટો આપી વિદાય આપવામાં આવી હતી.

ઈડર દેશોતર ભટ્ટ મેવાડા બ્રાહ્મણ સમાજ દ્વારા દ્વિતીય સમુહ યજ્ઞોપવિત સંસ્કાર યોજાયા

ભિલોડા,તા.૫

સાબરકાંઠા જીલ્લાના ઈડર દેશોતર ભટ્ટ મેવાડા બ્રાહ્મણ સમાજ ધ્વારા દ્વિતીય સમુહ યજ્ઞોપવિત સંસ્કાર યોજાયા હતા. ચાર ભુદેવ બટુકોએ યજ્ઞોપવિત સંસ્કાર ધારણ કર્યા હતા. બ્રાહ્મણ સમાજના રામ ત્રિવેદી, પાર્થ વ્યાસ, જય પંડ્યા, આર્યન રાવલએ વૈદિક મંત્રોચ્ચાર ધ્વારા યજ્ઞોપવિત સંસ્કાર ધારણ કર્યા હતા. આ પ્રસંગે ઈડર દેશોતર બ્રાહ્મણ સમાજ અગ્રણી રાજુભાઈ જોષી, બિપીનભાઈ ઉપાધ્યાય સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પાલનપુર અમદાવાદ હાઇવે લક્ઝરી બસ-ટ્રેલર વચ્ચે અકસ્માત

પાલનપુર અમદાવાદ હાઈવે પર ગતરોજ મોડીરાત્રે વડગામના છાપી નજીક શેરપુર નજીક લક્ઝરી બસ અને ટ્રેલર વચ્ચે અકસ્માત થતા ૧૫ લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા તેમજ ૩ લોકોને વધુ ઈજા થતા તેમને સારવાર માટે પાલનપુર બાદ મહેસાણા ખસેડાયા હતા. મોડી રાત્રીએ થયેલા આ અકસ્માતને પગલે હાઈવે વન સાઈડ કરાયો હતો. જોકે હજુ સુધી કોઈ જાનહાનીના કોઈ સમાચાર નથી. રાજસ્થાનથી ખાનગી લક્ઝરી બસ અમદાવાદ તરફ જતી વખતે હાઈવે પર ચાલતા ટ્રેલર પાછળ ઘુસતા આ અકસ્માત સર્જાયો હતો. જોકે અકસ્માત બાદ લક્ઝરી બસનો ડ્રાઈવર ફરાર થઈ ચુક્યો છે તેમજ છાપી પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડીસામાં ટ્રિપલ અકસ્માત બેને ગંભીર ઈજાઓ

ડીસામા સર્જાયેલા એક ત્રિપલ અકસ્માતમા અલ્ટો કાર, રીક્ષા અને દૂધના ટેન્કર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જો કે ઈજાગ્રસ્તોને સારવાર માટે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા ત્યારે ડીસા પોલીસે અકસ્માતને કારણે જામ થયેલા ટ્રાફિકને પૂર્વવત કર્યો હતો.

ખેડબ્રહ્મામાં કાર્બોઈડયુક્ત કેરીનું ધુમ વેચાણ

ખેડબ્રહ્મા શહેરમાં તેમજ તાલુકામાં નગરપાલિકા તેમજ જિલ્લાફૂડ વિભાગની રહેમ નજર હેઠળ કાર્બાઈડ યુક્ત કેરીનું ધુમ વેચાણ થઈ રહ્યુ છે. પ્રજાના જન આરોગ્ય સાથે ચેડા થઈ રહ્યા છે. કાર્બાઈડ અને ઈથિલીનના ઉપયોગથી કેરી પકવાતી હોવાની ઉઠેલી રાવ છતા તંત્ર દ્વારા કોઈ પણ ઠોસ પગલા લેવામાં આવતા નથી.

હાઈકોર્ટના આદેશનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. કાર્બાઈડ અને ઈથીલીનના ઉપયોગ કરીને કેરી પકવતા વેપારીઓના મામલે ગુજરાત હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યા પછી પણ શહેરમાં ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે. કેરીની પેટીની અંદર કાર્બોઈડની પડીકી રાખી પકડાઈ જવાની બીકે હવે ગોડાઉન કે રૂમને હવાચુસ્ત બંધ કરી તેમાં કાર્બાઈડ ગેસ ઉત્પન્ન કરી બે થી ત્રણ દિવસ સુધી કેરીનો જથ્થો રાખી મુકીને કેરી પકવવાનુ કારસ્તાન થઈ રહ્યું છે. ફુડ સેફ્ટી લાયસન્સ વગર વેપારીઓ દ્વારા મોટા પ્રમાણમાં હાટડીઓ ચલાવવમાં આવી રહી છે. સત્વરે બંધ કરાવવામાં આવે તેવી પ્રજાની માંગ ઉઠવા પામી છે.

ઝાયડસ હોસ્પીટલ આણંદમાં કર્મચારીઓની આંતરિક ફરિયાદોના નિકાલ માટે કમિટીની રચના

સભ્યપદે નડીઆદના પરેશભાઈ રાવની થયેલ નિમણૂંક

આણંદ, તા. ૫

ઝાયડસ હોસ્પીટલ

આણંદમા સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ કર્મચારીઓની આંતરિક ફરિયાદો તથા મહિલા કર્મચારીઓની સેકસુઅલ હેરેસમેન્ટની ફરિયાદોના નિકાલ માટે એક કમિટીની રચના કરવામાં આવેલ છે.

તેના સભ્ય પદે ગુજરાત હાઈકોર્ટમાં ફરજ બજાવતા તથા રોટરી ક્લબ નડીઆદના પાસ્ટ પ્રેસિડેન્ટ પરેશભાઈ રાવની નિમણુક થયેલ છે.

જે નડીઆદ શહેર માટે એક ગૌરવની વાત છે. પરેશભાઈ રાવને આ મહત્વના અને ગૌરવપુર્ણ પદ માટે નિમણૂંક બદલ અભિનંદન.

ભિલોડા આર. જે. તન્ના પ્રેરણા મંદીરમાં જીલ્લા કક્ષાનો સમર કોચીંગ કેમ્પનો શુભારંભ યોજાયો

ભિલોડા,તા.૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા અર્બુદા સેવા સંઘ સંચાલિત આર.જે. તન્ના પ્રેરણા મંદીરમાં જીલ્લા કક્ષાનો સમર કોચીંગ કેમ્પ હેન્ડ બોલ રમતનો શુભારંભ યોજાયો હતો. આ પ્રસંગે અર્બુદા સેવા સંઘ મંત્રી દામુભાઈ પટેલ, આચાર્ય આર.કે. પટેલ,હેન્ડ બોલ કોચ ડી. આર. ચૌધરી સહિત સ્ટાફ પરીવારએ ઉપસ્થિત રહી હેન્ડ બોલના ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તે બળદોનો મેળો

સાબરકાંઠા જીલ્લાના ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તે છેલ્લા દશથી પંદર વર્ષથી જાતવાન બળદોનો મેળો ભરાય છે. વર્ષોની પરંપરા મુજબ આ વર્ષે પણ જાતવાન બળદોનો મેળો ભરાયો છે. બનાસકાંઠા જીલ્લાના થરાદ, ડીસા, ધાનેરા, રાણીવાડા, સાંચોરના આજુબાજુના એરીયામાંથી જાતવાન બળદો લાવી વણઝારા જ્ઞાતિના બળદના વેપારી ધર્માજી ઉદાજી વણઝારા, જીવાજી ઉદાજી વણઝારા (મુખી) સહિત ૨૫ જેટલા વણઝારા જ્ઞાતિના વેપારીઓ બળદનો વેપાર કરે છે. ધોલવાણીના ત્રણ રસ્તે બળદ જોવા અને ખરીદવા ખેડુતો દુર-દુરથી આવે છે. જાગૃત ખેડુતોના જણાવ્યા મુજબ એક બળદની જોડ રૂા.૨૫,૦૦૦/- થી માંડીને રૂા.૫૦,૦૦૦/- થી રૂા.૫૫,૦૦૦/-સુધીનો ભાવ એક જોડનો બોલાય છે પણ આજના ટ્રેક્ટર યુગમાં બળદની જરૂર તો પડે છે. ફક્ત એક રૂપિયાનું બાનુ કાં તો રૂા. ૧૦૧/- નું બાનું લઈ ૧૫ દિવસના વાયદે બળદ આપે છે તેમ પણ જાણવા મળ્યું છે તેમજ આ સ્થળે ટેમ્પા અને ડાલા જીપ માલીકો સવાર સાંજ બેઠી પથારી બેઠા હોય છે. બળદની જોડ નક્કી થતાંની સાથે જ સામે થી આવી પુછે છે ? ક્યા ગામ જવું છે, સાધન પણ મળી રહે છે.